# રાજકોટ ચેમ્બર ઓફ્ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્ધારા ઉદ્યોગકારો તથા રીટેલ વેપારીઓને કોરોના વોરીયર્સ ગણી રસી આપવા માટે પ્રાધાન્ય આપવા બાબતે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સમક્ષ રજુઆત કરવામાં આવેલ...

સૌ પ્રથમ કોરોનાની રસી મુકવાની ઝડપભેર કામગીરીની શરૂઆત અને તેનું યોગ્ય આયોજન કરવા બદલ રાજકોટ ચેમ્બર ઓફ્ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વતી રાજય સરકારને ખુબ ખુબ શુભેચ્છા. રાજય સરકાર દ્ધારા કોરોના મહામારીને કાબુમાં લેવા તથા તમામ લોકોને યોગ્ય સારવાર મળી રહે તેવા હાથ ધરાયેલ કાર્ય સરાહનીય છે. હાલ કોરોનાની રસી આપવાની કવાયત શરૂ થયેલ છે ત્યારે સરકારે રસી આપવા માટે મોટી ઉંમરના વડીલો, દર્દીઓ તથા કોરોના વોરીયર્સ જેવા કે ડોકટરર્સ, પેરામેડિકલ સ્ટાફ, પોલીસ કર્મીઓ અને સફ્ાઈ કર્મીઓને સૌપ્રથમ પ્રાધાન્ય આપવામાં આવશે જે આવકારદાયક છે. પરંતુ કોરોનાની શરૂઆતથી લાગુ કરાયેલ લોકડાઉનના કપરા સમયમાં પણ ઉદ્યોગકારોએ પોતાની ઈન્ડસ્ટ્રીઝો ચાલુ રાખીને વર્કરોને રોજીરોટી પુરી પાડેલ છે અને રાજયની અર્થવ્યવસ્થા જાળવી રાખવા પ્રયાસ કરી સહભાગી બન્યા છે. સાથોસાથ લોકોને જીવન જરૂરીયાતની ચીજ-વસ્તુઓ જેવી કે, અનાજ, દુધ, દવાઓ, શાકભાજી-ફ્રુટ વગેરે મળી રહે તે માટે પોતાનો જીવ જોખમમાં મુકીને પણ દુકાનો ચાલુ રાખી હતી. કોરોના જેવી બીમારીનો ચેપ લાગવાની શકયતા વેપારીઓને પણ રહેલી છે. તેઓ દિવસમાં સેંકડો ગ્રાહકોના સંપર્કમાં આવતા હોય છે અને ચીજ-વસ્તુઓ તથા રોકડ વિગેરેની આપ-લે કરતા હોય છે.

તેથી ઉદ્યોગકારો તથા રીટેલ વેપારીઓને કોરોના વોરીયર્સની યાદીમાં સામેલ કરીને તેઓને રસી આપવા માટે પ્રાધાન્ય આપવું જોઈએ. જેનાથી કોરોના સામે રક્ષણ મળી રહે અને ચેપ ફેલાવવાનો ભય પણ ઓછો રહે. ઉદ્યોગકારો તથા વેપારીઓએ સરકારશ્રીની ગાઈડ લાઈનનું પાલન કરી સરકારની સાથે ખંભે-ખંભા મિલાવી કોરોનાની લડતમાં સહભાગી બન્યા છે ત્યારે તેઓને રસી આપવા માટે પ્રાધાન્ય આપવા રાજકોટ ચેમ્બર ઓફ્ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્ધારા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.